ગાંધીનગર સમાચાર
તા. ૨૮-૨-૨૦૧૫, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### પ્રભુની માયા જેવું વિશિષ્ટ રેલબજેટ

પૂર્વ રેલવેમંત્રી દિનેશ ત્રિવેદીએ જેને આંકડા વિહોણું ગણાવી ‘બજેટ’ જ કહેવામાં સંકોચ અનુભવ્યો છે તેવું સુરેસ પ્રભુનું બજેટ દિનેશ ત્રિવેદીની જેમ ઘણા બધાને ‘પ્રભુની માયા’ જ લાગે તો એમાં નવાઈ શી? સુરેશ પ્રભુનું મૂળ અને કુળ શિવસેનાનું પરંતુ ઉદ્ધવ ઠાકરેની આંખમાંથી ઊતરી ગયા એટલે એમણે રેલવે મંત્રી બનવા માટે તાબડતોબ મોદી બ્રાન્ડ ભાજપનો ભગવો ખેસ ધારણ કરી લીધો હતો. નીતીશકુમાર જેવા એમના જૂના એનડીએ મંત્રીમંડળના સાથીને પણ એમનું બજેટ શુભ વચનાવલીથી વિશેષ વરસાયું નથી. નવા રેલ બજેટમાં નવી યોજના કે કોઈ નવી ટ્રેન જાહેર નહીં કરવા માટે પણ રેલવે મંત્રી છપ્પનની છાતીવાળો હોવો જોઈએ. મોદીના રેલમંત્રીએ એ હિંમત દર્શાવી છે અને આગામી વર્ષોમાં રેલવેનો ચહેરો બદલી નાખવાની બ્લ્યૂ પ્રિન્ટ રજૂ કરી દીધી છે. એમણે સુવિધાલક્ષી મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપ્યું છે. ભાડું નથી વધાર્યું એ ભ્રમ છે. એમના નિષ્ફળ પૂર્વસૂરિ સદાનંદ ગૌડા થોડા જ વખત પહેલાં એમના માટે એ આગોતરું કામ કરીને ગયા છે અને એ પછી તો આંતરરાષ્ટ્રીય તેલ બજાર ગગડ્યું છે, જેથી ડિઝલના ભાવ એટલા બધા ઘટ્યા છે કે ભાડું ઘટાડવાનું લોકરંજક પગલું પણ ‘પ્રભુ’ ભરી શક્યા હોત. પરંતુ એમણે એમ નહીં કરીને રેલવેના ખાલી તિજોરીને તર કરવાનો અભિગમ દાખવ્યો છે. રેલવેમાં સુરક્ષા અને સુવિધાના નામે મીંડું વળી ગયેલું છે, તે હવે મીડિયાની સક્રિયતાને કારણે છાનું નથી રહ્યું. પ્રભુ ટ્રેનોને સમયસર અને ઝડપી બનાવવા માગે છે. વરિષ્ઠો અને વિકલાંગો તથા સ્ત્રીઓને વિશેષ સુવિધાઓ આપવા ધારે છે. ખુલ્લાં ફાટકો પર સાઈરન જેવી વ્યવસ્થા ગોઠવી અકસ્માતો નિવારવાનો આઈડિયા સારો જ ગણાશે. ચાર મહિના પહેલાં રિઝર્વેશનનો નવો નિર્ણય એ મોદી મંત્રીમંડળનો બે વર્ષ અગાઉની સરકારી નિર્ણય લેવાયેલ યુ-ટર્ન છે. તેથી મુસાફરોને સરવાળે નુકશાન જ થશે. લોકો અગાઉથી બુકિંગ કરાવી દેશે, તેથી ‘તત્કાલ’ ની માગ વધશે. તત્કાલ પર પણ પ્રિમિયમ જાહેર કરીને પેસેન્જરોનાં ખીસાં હળવાં કરી લેવાયાં છે. પેસેન્જર ભાડું નથી વધાર્યું પણ માલ ભાડું દસ ટકા સુધી વધારીને રેલવેની આવક વધારી છે. એથી સરવાળે તો નાગરિકો પર જ બોજ પડશે. ડિઝીટલ-ક્લીન ઈન્ડિયા પરનું ફોકસ ઉચ્ચ અને મધ્યમ વર્ગને ગમશે, પરંતુ જનસાધારણ માટે એનું વિશેષ આકર્ષણ નહીં રહે. પાંચ મિનિટમાં અનારક્ષિત ટિકિટ મેળવાનું સામાન્ય માનવીને ફાવશે ખરું? વાઈ-ફાઈ, પ્લેન જેવી વેક્યુમ ટોઈલેટ અને મનોરંજનની જાહેરાતો આકર્ષક લાગે, પણ નીવડ્યે વખાણ! રેલવેનું ખાનગીકરણ નહીં કરાય એવી જાહેરાત કર્યા છતાં ઉદ્યોગગૃહોની સહભાગિતા, ટ્રેનો અને ગૃહોની સહભાગીતા, ટ્રેનો અને સ્ટેશનોને એમનાં નામ આપવાની તૈયારી એ બધું ખાનગીકરણની દિશા જ નથી સૂચવતાં શું? બુલેટ ટ્રેન જેવી હાઈ સ્પીડ ટ્રેન દોડાવવાની મોદી-મંશા હિન્દુસ્તાનના રેલવેતંત્રમાં પાર પડે ત્યારે કરી, હાલ પૂરતા લોકો જરૂર શેખચલ્લીનાં સપનાં જોતા થઈ જશે, અલબત્ત, પ્રભુ એક સંનિષ્ઠ મંત્રી છે, એટલે બોલ્યું પાળવાની કોશિશ જરૂર કરશે, જો કે એમને પણ પોતાની કે મોદીની કલ્પનાની રેલગાડી દોડાવવાનું અઘરું તો લાગે જ છે - એથી સ્તો બજેટ રજૂ કરતાં એ બોલી ઊઠ્યા હતા : હે પ્રભુ! આ કેવી રીતે થશે!




જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર ખાતે રમત-ગમત સપ્તાહનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સિનીયર વિદ્યાર્થીઓએ મશાલ રેલીની આગેવાની કરી હતી. આ સપ્તાહમાં ફનક્રિકેટ, વોલીબોલ, ફુટબોલ, હેન્ડબોલ, ટગ ઓફ વોર, ખો-ખો કબડ્ડી, ચેસ, કેરમ, બેડમીન્ટન, ટેબલ-ટેનીસ, રીલે રેસ, ૧ મીનીટ જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## તક્ષશિલા વિદ્યાલયમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને વિદાય આપવામાં આવી

ગાંધીનગર, તા.૨૭

સેકટર-૧૩ તક્ષશિલા માધ્યમિક વિદ્યાલયમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો હતો. સમારોહ પ્રસંગે વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો કરી સિનિયરોને જુનિયર વિદ્યાર્થીઓએ વિદાય આપી હતી.

ગાંધીનગર સેટર-૧૩ સ્થિત તક્ષશિલા માધ્યમિક વિદ્યાલયમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ સમારોહમાં ધોરણ - ૧ થી ૧૦ના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીએ એકપાત્રિય અભિનય, નાટક, ગીત સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજી વિદાય આપી હતી. સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિદાય લેતા વિદ્યાર્થીઓએ પોતાના મુખે સંભારણા રજુ કર્યા હતા. શાળાના આચાર્યએ વિદ્યાર્થીઓને શાળાનું ગૌરવ બનવા જણાવ્યું હતું તેમજ ભવિષ્યમાં સૌથી ઉંચા શિખર પર પહોંચવા આશીર્વાદ પાઠવ્યા હતા.



## નિરાધારો માટે મોહનથાળનું મિષ્ટાન બનાવ્યું

શહેરના સેક્ટર-૨૯માં આવેલ ‘ચ’ ટાઈપ મિત્ર મંડળ દ્વારા અનેક સેવાકીય કાર્યો કરવામાં આવે છે. ભૂખ્યાને ભોજન... તરસ્યાને પાણી... સહિતની સેવા સ્વાર્થ વિના કરવામાં આવે છે. ત્યારે આજે અનાથ, માનસિક ક્ષતિ ગ્રસ્ત તેમજ વૃધ્ધાશ્રમના વડીલો માટે મોહનથાળનું મિષ્ટાન બનાવવામાં આવ્યું હતું. શુધ્ધ ઘીના ૧૦ કીલો મોહનથાળ અલગ અલગ સંસ્થામાં જઈ પિરસવામાં આવશે.

(તસવીર : દિલીપ પ્રજાપતિ)

## વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૭

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં પાંચ દિવસ વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ગુજરાત રાજયમાં ગુજરાતી ભાષાનો ભોગ લેવાઈ રહ્યો છે. લોકો પરિવર્તન અને પર્સનાલીટી માટે માતૃભાષાને સ્થાને વિદશી ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે. અને ઘણીવાર તો ગુજરાતીમાં વાત કરતા શરમ અનુભવે છે. તેવા સમયે ચૌધરી કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગમાં ૨૧ થી ૨૬ ફેબ્રુઆરી દરમિયાન વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં ધોરણ ૯ થી ૧૧ની તમામ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગુજરાતી ભાષાને ટકાવવા માટે શાળામાં વકતૃત્વ સ્પર્ધા, સૂત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, શ્રૂત લેખન અને વાર્તાલેખનનું આયોજન કરી ભાષા પ્રત્યેનો પ્રેમ વ્યકત કર્યો હતો. કાર્યક્રમમાં શાળાના આચાર્ય અને શાળા પરિવારે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

## પિલવાઈ કોલેજમાં વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૭

આર્ટ્સ-સાયન્સ-કોમર્સ કોલેજ, પિલવાઈમાં ૨૫ ફેબ્રુઆરીના રોજ વાર્ષિકોત્સવ દબદભાભેર ઉજવાઈ ગયો. સંસ્થાની ત્રણેય ફેકલ્ટીના વિદ્યાર્થીઓએ વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓમાં ખુબજ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કોલેજના ખીચોખીચ ભરાયેલા વિશાળ સેમિનાર હોલમાં હાજર સૌએ ફિલ્મીગીત-ગરબા-ડાન્સ-મિમિક્રી જેવા કાર્યક્રમોનો ભરપુર આનંદ માણ્યો હતો. કાર્યક્રમમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓએ તેમની કલાને પ્રદર્શિત કરી સૌને પ્રભાવિત કર્યા હતા. આ પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રી, આચાર્યશ્રી તથા મહેમાનો દ્વારા યુનિવર્સિટી પરીક્ષામાં કોલેજમાં પ્રથમ-દ્વિતીય આવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા. કોલેજના ત્રણેય ફેકલ્ટીના બેસ્ટ બોય અને બેસ્ટ ગર્લને પણ પુરસ્કૃત કરાયા હતા. એનસીસી તથા એનએસએસ ના બેસ્ટ સ્વયંસેવક તથા બેસ્ટ કેડેટને પણ સન્માનવામાં આવ્યા હતા.

## ગાંધીનગરમાં ૧લી માર્ચે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં પ્રતિ મહિનાના પહેલા રવિવારે પુસ્તકોના આદાન-પ્રદાનના સેતુ રૂપ પુસ્તક પરબનો કાર્યક્રમ યોજાય છે. તા. ૧-૩-૨૦૧૫ રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૦૦ દરમ્યાન ઘ-૪ સર્કલ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર ખાતે પુસ્તક પરબ યોજાશે. માતૃભાષા અભિયાન, અમદાવાદના ઉપક્રમે અને આત્મન્ ફાઉન્ડેશનના સહયોગમાં પુસ્તક પરબ યોજવામાં આવે છે. ગુજરાતી ભાષાનું ગૌરવ વધે, સારાં પુસ્તકો-સારા સાહિત્યનો સમાજમાં પ્રસાર થાય, વિદ્યાર્થીઓ-યુવા પેઢીમાં વાંચનની ટેવ વિકસે એવા શુભાશયથી આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. ગુજરાતભરમાં વિવિધ કેન્દ્રો ખાતે આ કાર્યક્રમ યોજાય છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર ઉપલબ્ધ પુસ્તકો પૈકી કોઈ પણ બે પુસ્તક તથા બે-ત્રણ સામયિક વિના મૂલ્યે ભેટમાં વાંચવા લઈ જઈ શકે છે. આ પુસ્તક પરબનો લાભ લેવા પુસ્તક પરબના સહયોગીઓ સર્વક્ષી પ્રજ્ઞા પટેલ, આશા સહવૈયા, દક્ષા ભાવસાર, કિશોર જિકાદરા, મૂળજીભાઈ પરમાર, ભરત પાઠક, સંજય થોરાત વગેરે મિત્રો તરફથી હાર્દિક નિમંત્રણ છે.




## બાપુ ગુજરાત નોલેજ વિલેજના વિદ્યાર્થીઓએ અનોખી રીતે કરી ડે ની ઉજવણી

શંકરસિંહ વાઘેલા બાપુ કોલેજના વિદ્યાર્થીઓએ ડેના દિવસે ગાંધીનગર શહેરના અંધ અને મૂક બધિર બાળકોને ભોજન આપી અનોખી રીતે ઉજવણી કરતા અનેક યુવાનોને પ્રેરણા આપે એવું ઉદાહરણ પુરૂ પાડ્યું હતું. આ કાર્ય માટે બાપુ કોલેજના ઈ.સી. ડિપાર્ટમેન્ટના પ્રોફેસર અને વિદ્યાર્થીઓએ ભેગા મળીને કોલેજમાંથી ફંડ એકઠુ કરી ગાંધીનગર શહેરના સેક્ટર-૧૬માં આવેલ અંધ શાળા અને સેક્ટર-૨૮માં આવેલ મૂક-બધિર છાત્રાલયના બાળકોને તેમના ભોજનાલયમાં જઈ લોકોને ઉદાર હાથે જમાડી અનોખી રીતે ઉજવણી કરી હતી અને દરેક વિદ્યાર્થીઓને કોલેજમાં ઉજવાતા વિવિધ ડે ના દિવસે ખોટા ખર્ચ અટકાવી એ નાણા એકઠા કરી આવા સમાજ સેવામાં નાણાનો ઉપયોગ કરવાની પ્રેરણા આપી હતી. આ કાર્યમાં મદદરૂપ થવા બદલ વિદ્યાર્થીઓએ સમસ્ત બાપુ ગુજરાત નોલેજ વિલેજનો પણ આભાર માન્યો.

## ...ને જોઉં તો એ વસે છે મારા જ શ્વાસમાં

હું પ્રભુ પાસે જાઉં છું, પ્રાર્થના કરુ છુ. અને મારા માટે કંઈક માંગુ છુ. મારી આ પ્રાર્થના, મારી આ અરજી પ્રભુના દરબારમાં દફતરે થઈ જાય છે કેમ? કેમ કે પ્રભુના દરબારમાં સ્વતઃમાટે માગવાની કોઈ વાત છે જ નહિ. પ્રભુ પાસે માગવા માટે તમે કે તમારો સ્વાર્થ હોય તો તે પ્રાર્થના પ્રાર્થના નથી કહેવાતી.

તો પછી પ્રાર્થના કઈ? કોને કહેવાય પ્રાર્થના? પ્રભુ પાસે કરેલી વંદના એ છે જે બીજા માટે કરવામાં આવે. કોઈ અન્ય માટે કરેલી પ્રાર્થના પ્રભુ સાંભળે છે. માત્ર પોતાના માટે કરેલી યાચના તો પ્રભુ ક્યારે પણ સાંભળ તો જ નથી. હા, પ્રભુએ મારી વાત સાંભળી એ વાતનો વહેમ રાખી શકીએ ખરા..!!

તો પછી મને જે કંઈ મળ્યુ છે તે મારી પ્રાર્થનાની અસર છે ને ? તપ કરતાં હતા. જયારે કોઈ તપસ્વી તપ દ્વારા મેળવેલ શક્તિ (જે વિશ્વ કલ્યાણ માટે મેળવી હતી) નો પોતાના અંગત સ્વાર્થ માટે ઉપયોગ કરે છે ત્યારે તે શક્તિ સહિત તેનો પણ વિનાશ થાય છે. પુરાણોની વાર્તાઓ માં આવતો ભસ્માસૂરની કથાથી આપણે સૌ વાકેફ છીએ.

દુનિયા પરોપકારની પુરસ્કર્તા રહી છે. પરોપકારી બધે પુજાય છે. એને સૌ માન આપે છે. નિઃસ્વાર્થ ભાવવાળી વ્યક્તિનો સૌ આદર કરે છે. કારણ એ બીજા માટે પ્રાર્થના કરે છે. વિશ્વના ભલા માટે જીવન ખર્ચી નાખે છે. આ ધૂપસળી બ્રાન્ડ લોકોનો આ સંસારમાં તોટો નથી. આવા ધૂપસળી બ્રાન્ડ લોકોને કારણે જ આ સંસારનુ ચક્ર ચાલે છે.

એક વખતને માટે એવું સમજી લો કે પ્રભુ દરેકની એટલે કે સ્વાર્થ માટે, માત્ર પોતાના જ માટે માગનારા સૌની વાત સ્વીકારી લે




હું આજે જે કંઈ છુ. મેં જે કંઈ પદ, પ્રતિષ્ઠા, પૈસો મેળવ્યો છે તે મેં કરેલી પ્રાર્થનાની જ અસર છે ને?

ના ભાઈ ના. હજી પણ તારી સમજવામાં ભૂલ થાય છે. તે જે કંઈ મેળવ્યું છે એ તો કોઈક બીજાએ તારા માટે કરેલી પ્રાર્થનાનું ફળ છે . તને જે કંઈ મળ્યું છે અથવા તારા શબ્દોમાં તે જે કંઈ પ્રાપ્ત કર્યુ છે એ તારી પ્રાર્થનાનું નહિ પરંતુ અન્યએ કરેલી પ્રાર્થનાનુ પરિણામ છે.

### અદબ પલાઠી મોં પર આંગળી
**- ડો. સંતોષ દેવકર**

આજે જે કાંઈ તમે ભોગવો છો, મેળવો છો, શાંતિનો અનુભવ કરો છો એ કોઈકે તમારા માટે દાખવેલો સદભાવ છે. માત્ર પોતાના માટે , સ્વ માટે કરેલી યાચનાને તેના દરબારમાં કોઈ સ્થાન જ નથી, પોતાના માટે કંઈક માગવુ એ પ્રભુએ નક્કી કરેલા તેના અભ્યાસક્રમમાં છે જ નહિ....!!

ને જોઉ તો એ વસે છે મારા જ શ્વાસમાં
રઝળ્યા કરું યુગોથી હું જેની તલાશમાં
ફુટશે જો આયનો તો પ્રતિબિંબ ક્યાં જશે
પથ્થર લઈ ભો છુ હું એની તલાશમાં

- રમેશ પારેખ

ઈતિહાસ સાક્ષી છે કે અન્યો માટે કરાયેલ વ્રત, તપ, જપ જ ફળ આપતા હોય છે. પહેલાના સમયમાં સૃષ્ટિના કલ્યાણ માટે ઋષિમુનિઓ

તો ? સ્વાર્થ અને વ્યક્તિગત લાભને ભગવાનના દરબારમાં કોઈ સ્થાન નથી. આવી વ્યક્તિઓ બધેથી પછડાટ ખાતી હોય છે.

માત્ર પોતાના જ માટે એક અલૌકિક શક્તિ પાસે યાચના કરવી, વિશ્વની શ્રેષ્ઠ શકિતને માત્ર પોતાના સ્વાર્થ ખાતર વિનવવી એ એક માનસિક વિકૃતિની નિશાની છે. સાચા સાધુ સંતો (કહેવાતા નહિ) એ વિશ્વ કલ્યાણની ખેવના કરીછે, યગ્નો કર્યા છે, તપ કર્યા છે. અને પ્રભુ પાસેથી વરદાન મેળવ્યાછે. કેમ? શા માટે? પોતાના સ્વાર્થ માટે નહિ, વિશ્વશાંતિ માટે, બીજા માટે. પુનઃ એક વાત જો પુનરાવર્તન થતુ હોય તો પણ ક્ષમા યાચના સાથે કે -

પોતાના માટે માત્ર પોતાના સ્વાર્થ માટે પ્રભુ પાસે કરેલી પ્રાર્થના પ્રભુ સાંભળતા નથી. બીજા માટે, અન્ય માટે કરવામાં આવેલી પ્રાર્થના જ પ્રભુ સાંભળે છે. તમે આજે જે કંઈ મેળવ્યુ છે તે અન્યએ તમારા માટે કરેલી પ્રાર્થનાનું પરિણામ છે.ઁધૂપસળી બ્રાન્ડની બોલબાલા છે.

**મિસરી**

બચીને મૌલવી પેગંબરોથી તો અહી આવ્યો
અમે બે ખુદ મળી લઈશું, નથી જાઉં દલાલોમાં

- ઉશનસ

(sms - પિંન્ટૂ ખાંટ)

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં દંપતિ સંમેલન

ગાંધીનગર, તા.૨૭

દરેક માતા પોતાનું બાળક એન્જીનીયર, ડૉકટર, વકીલ, આઈ.એ.એસ. બની નામ રોશન કરે ત્યારે શ્રેષ્ઠ બાળક ઈચ્છતા દંપતીઓ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા દંપતી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના સેકટર-૨૦માં આવેલ બાળ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે તા. ૧૪ માર્ચના રોજ બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દંપતી સંમેલન યોજવામાં આવશે. સંમેલનમાં ગર્ભ સંસ્કાર, દેવશિશુનું આવાહન તેમજ ઉત્તમ સંતતિનું આયોજન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવશે. સંમેલનમાં ભાગ લેવા ઈચ્છુક દંપતીઓએ બપોરે ૧૨.૦૦ થી ૪.૦૦ દરમિયાન તપોવન વિભાગમાં રજીસ્ટ્રેશન કરાવવા જણાવ્યું છે.

## પર્યાવરણના જતનને પ્રોત્સાહન આપવા રવિવારે ગેમી ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત સરકારની સ્વાયત્ત સંસ્થા ગુજરાત એન્વાયરન્મેન્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (ગેમી) દ્વારા માર્ચ ૧, ૨૦૧૫ના રોજ ભાટ ગામ નજીક અમદાવાદ-ગાંધીનગર હાઈવે પર આવેલી નારાયણી હોટલ ખાતે તેના ત્રીજા સ્થાપના દિવસની ઉજવણી "ગેમી ડે" તરીકે કરવામાં આવશે. આ ઉજવણી કરવાનો મુખ્ય હેતુ સામાન્ય જનતાને પર્યાવરણના જતન માટે "પ્રોત્સાહતિ કરવાનો તથા ગેમી દ્વારા હાથ ધરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓ અંગે જાગૃત્તિ ફેલાવવાનો છે.

ગુજરાતના વન તથા પર્યાવરણ અને આદિ જાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રી શ્રી મંગુભાઈ પટેલ આ ઉજવણીનો શુભારંભ કરાવશે. આ પ્રસંગે ગુજરાતના વન તથા પર્યાવરણ અને મત્સ્ય ઉદ્યોગ વિભાગના રાજ્યકક્ષાના માનનીય મંત્રી શ્રી બચુભાઈ ખાબડ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે, જ્યારે અતિથીવિશેષ તરીકે રાજ્યના વન તથા પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ આઈએએસ શ્રી પી. કે. તનેજા, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ચેરમેન ડૉ. કે. યુ. મિસ્ત્રી અને ગેમીના ડાયરેક્ટર આઈએફએસ ડૉ. સંજીવ ત્યાગી ઉપસ્થિત રહેશે.

સમગ્ર ઉજવણી દરમિયાન ગેમી તથા તેની વિવિધ પ્રવૃત્તિઓ, ગાંધીનગર ખાતે આવેલી તેની અદ્યતન સુવિધાઓથી સજ્જ લેબોરેટરી, સંસ્થાના ઉદ્દેશો તથા પ્રવૃત્તિઓ માટેનું ભવિષ્યનું આયોજન વગેરે અંગે રસપ્રદ પ્રેઝન્ટેશન કરવામાં આવશે. આ ઉપરાંત ગુજરાત ફોરેન્સિક સાયંસ યુનિવર્સીટીના ડૉ. દીપક રવતાની "ગેમની વિશ્વ કક્ષાની લેબોરેટરીની વિશેષતાઓ" પર, સેન્ટર ફોર એન્વાયરન્મેન્ટ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી યુનિવર્સીટીના પ્રોફેસર અશ્વિનીકુમાર "વોટર એક્સચેન્જ સેન્ટર" પર અને અદાણી ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મેનેજમેન્ટના ડૉ. દિપ્તી રાજન મહાપાત્ર "સિટી પોલ્યુશન રેટિંગ ઈન્ડેક્સ એન્ડ ઈન્ડિકેટર્સ ઓફ એન્વાયરન્મેન્ટ" પર વ્યકતવ્ય આપશે. કાર્યક્રમ દરમિયાન ગેમીની પ્રવૃત્તિઓ તથા તેની લેબોરેટરિ પરની બે ટુંકી ફિલ્મો પણ પ્રદર્શિત કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગેમીની સ્થાપના ગુજરાત સરકારના વન તથા પર્યાવરણ વિભાગ દ્વારા કરવામાં આવી છે અને તેની રચના પાછળનો મૂળ હેતુ વૈજ્ઞાનિક તથા ટેકનિકલ અભ્યાસો હાથ ધરીને રાજ્યના પર્યાવરણનું જતન કરવા માટે જરૂરી પગલા લેવાનો છે. રાજ્યના મુખ્ય સચિવ આઈએએસ શ્રી ડી. જે. પાંડિયન ગેમીની ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ છે, જ્યારે વન તથા પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પી. કે. તનેજા તેની એક્ઝિક્યુટિવ કમિટિના વડા છે.